RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૪૧ તા.૨૧–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી તેરાપંથ ભવનની બાજુમાં, ભગવતી નગર સામે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટમાં થતી ડ્રેનેજ લાઈન બાબત મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટની ડ્રેનેજ લાઈનનું જોડાણ તા. ૧૬–૧–૧૨ના રોજ રાત્રે ૮:૪૯ pm પર થતું હતું જે અંગેની જાણ ડે.ઈજનેર અશોક પટેલને મોબાઈલ નં. ૯૭૨૪૩૨૭૨૧૧ પર ૮:૪૯ pm સમયે કર્યા બાદ આ જોડાણ બાબતે તેમણે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી તેરાપંથ ભવનની બાજુમાં , ભગવતી નગર સામે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટમાં થતી ડ્રેનેજ લાઈન બાબત મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટની ડ્રેનેજ લાઈનનું જોડાણ તા. ૧૬–૧–૧૨ના રોજ રાત્રે ૮:૪૯ pm પર થતું હતું જે અંગેની જાણ ડે.ઈજનેર અશોક પટેલને મોબાઈલ નં. ૯૭૨૪૩૨૭૨૧૧ પર ૮:૪૯ pm સમયે કર્યા બાદ આ જોડાણ બાબતે તેમણે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો, થયેલ–નહીં થયેલ કાર્યવાહી સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૯૭ તા. ૨–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ વિગત સહિત અગર તેના વિના પણ નારાજગીના કિસ્સામાં તેમના દાવા અનુસાર ફોનથી સૂચિત કર્યાના આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને આપેલ માહિતી પત્ર તા. ૨૩–૨–૧૨ પત્ર નં. સા.ઝોન/ટેક/૮૧૩ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી તેરાપંથ ભવનની બાજુમાં , ભગવતી નગર સામે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટમાં થતી ડ્રેનેજ લાઈન બાબતે માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૧–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે આવેલ શારદા સ્મૃતિ એપાર્ટમેન્ટની ડ્રેનેજ લાઈનનું જોડાણ તા. ૧૬–૧–૧૨ના રોજ રાત્રે ૮:૪૯ pm પર થતું હતું જે અંગેની જાણ ડે.ઈજનેર અશોક પટેલને મોબાઈલ નં. ૯૭૨૪૩૨૭૨૧૧ પર ૮:૪૯ pm સમયે કર્યા બાદ આ જોડાણ બાબતે તેમણે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૧૩ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " રૂબરૂ સ્થળ તપાસ દરમ્યાન આ ડ્રેનેજ કનેકશન ટી.પી.૧(ઉધના), ફા.પ્લોટ નં. ૧૬માં (ખુલ્લા પ્લોટમાંથી) કરવામાં આવેલ હોવાનું માલુમ પડેલ છે. આ ડ્રેનેજ જોડાણ સબબ ઉધનાઝોન ખાતેથી કરેલ કાર્યવાહીની વિગતોની નકલ આ સાથે સામેલ છે." તેવું જણાવેલ.

(૨) આ ડ્રેનેજ લાઈનનું જોડાણ કરવા અંગેની આપના વિભાગ તરફથી કોઈ પરમીશન આપવામાં આવી હોય તો તે પરમીશન પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૧૩ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " આ ડ્રેનેજ લાઈન જોડાણ માટે કોઈ પરમીશન આપવામાં આવેલ હોય તેમ ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા જણાતું નથી આથી માંગ્યા મુજબની નકલો આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ.

(૩) આ બાંધકામમાં અગાઉ આપના વિભાગ તરફથી ડ્રેનેજ–પાણી (નળ)ની પરમીશન આપી હોય તો તે પરમીશન પત્રની નકલ આપશો. તથા આ પરમીશન માટે આપના વિભાગે મિલકતધારક પાસેથી જે જે ડોકયુમેન્ટ(અરજી સહિત) લીધા હોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૧૩ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " આ જગ્યા પર કોઈ બાંધકામ હયાત માલુમ પડતું નથી. ડ્રેનેજ કે પાણી માટે કોઈ અરજી કે પરમીશન આપેલ હોય તેમ ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા માલુમ પડતું નથી. જેથી તે અંગેના ડોકયુમેન્ટસની નકલો મળી શકે તેમ નથી." તેવું જણાવેલ.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે વિગત સહિત અગર તેના વિના પણ નારાજગીના કિસ્સામાં તેમના દાવા અનુસાર ફોનથી સૂચિત કર્યાના આધાર સહ જણાવવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી કે વિગત અત્રે મળેલ જણાતી નથી. તે મળેલ માહિતી અંગે નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,